# માતા એટલે સમર્પણનું દર્પણ



ધરતી પરના પ્રેમનું ઊંડાણ 'મા' નામની ફૂટપટ્ટીથી જ માપી શકાય છે. 'માનો સંબંધ' જેના ઊંડાણ અને ઊંચાઈને માપવી અને પામવી એના કરતાં યે વધુ મુશ્કેલ એવો આ શબ્દ છે. મા, મધર, માતા, મોમ, મમ્મી-લેબલ ગમે તે હોય, આરપાર જોઈ શકાય એવો નિર્મળ અને નિર્ભેળ માતાનો પ્રેમ એક એવી ઊંચાઈ પર લઈ જાય છે જયાં રચાય છે સંવેદનાનું આંદોલન. જેવી રીતે પ્રાર્થના એ આત્માનો ખોરાક છે તેવી જ રીતે 'મા' શબ્દમાંથી નીકળતા તાજગીના તરંગો ઈશ્વરના અસ્તિત્વને પણ પડકારે છે.




સ્વર્ગની શોધમાં તો માત્ર ભ્રમણાના તરંગો જ ધરાથી ગગન સુધી ભટકતા હોય છે પરંતુ સાચું સ્વર્ગ તો 'મા'ના હૂંફાળા ખોળામાં જ હોય છે. 'મા'ના ઉપકારનો અણસાર આંખમાં ઉજાગરાની લાલી બનીને રંગરાગની અદ્દભુત સૃષ્ટિ રચે છે. માતા એ કેવળ સગપણ નથી, સમર્પણનું દર્પણ પણ છે.

ચિંતક ખલીલ જીબ્રાને કહ્યું છે કે માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે 'મા.' માતા અને મૃગજળ સમજાતાં નથી. મૃગજળ નથી છતાં તે સામે જ દેખાય છે, 'મા' સતત સામે છે છતાં એ ઓળખી શકાતી નથી. આપણી પળેપળ જેની છાતીમાં શ્વાસ થઈને સચવાયેલ છે એવી મમ્મી આપણી આજુબાજુ જ વિહરતી હોય છે.

'મા'ને કયારેય હાંફતી કે થાકતી જોઈ છે? માને કોઈ વ્યાખ્યામાં બાંધવી હોય તો- એનામાં સાગર જેવું ઊંડાણ, ધરતી જેવી સહિષ્ણુતા, પવન જેવો પમરાટ, ચંદ્ર જેવી શીતળતા અને આકાશ જેવી ઉદારતા... એથી વિશેષ શું હોઈ શકે? કવિ વિપુલ માંગરોલીયાએ સાચું જ કહ્યું છે કે,

એક અક્ષર પણ ન જાણે કયાં ભણી છે સ્કૂલમાં
તોયે મારા મુખ ઉપરના શબ્દ વાંચી જાય છે.

**- પ્રવીણ સરાધીઆ**



## મમતાનાં સ્પંદન

મમતાનાં સ્પંદન તણી કોઈ આકૃતિ હોય છે?
'મા' અજોડ છે 'મા'ની કોઈ પ્રતિકૃતિ હોય છે?
ધન-સંપત્તિ થકી જીવન સુખ-સંપન્ન હોતું હશે,
'મા'ના આશિષથી અધિક કોઈ સમૃદ્ધિ હોય છે?
સર્વથા ઈચ્છે ભલું; સંતાન પ્રતિ સદા સમર્પિત,
ત્યાગમૂર્તિ 'મા'ની પાછું લેવાની પ્રકૃતિ હોય છે?
શીખવે વ્યવહારિતા, નૈતિકમૂલ્યો ને સંસ્કારિતા,
માતૃસેવાથી વિશેષ પાવન કોઈ પ્રવૃત્તિ હોય છે?
'મા'ની મમતાના ઋણી હોય સર્વ સંતાનો 'રાય,
'મા'નું ઋણ ચૂકવવાની સંતાનોની વૃત્તિ હોય છે?

બળવંતરાય ટંડેલ
(મુ.પો. કકવાડી)




## માતૃ પ્રેમ
## માની મમતાના સોનેરી સૂરજનું પ્રભાત

પ્રેરણાસ્ત્રોત, કરુણાનો મહાસાગર, શિક્ષણ-સંસ્કારનું સિંચન કરનાર, અમર પ્રેમનો દરિયો એટલે મા. દરેક માતાજીમાં વિદ્યાની દેવી સરસ્વતી, લક્ષ્મીની દેવી લક્ષ્મી, શકિતની દેવી અંબામાતા પ્ર[illegible] કે પરોક્ષ રીતે હાજરાહજૂર હોય છે.

માતા- મમ્મીનો કોઈ વિકલ્પ નથી. દુનિયાની કોઈ તાકાત નથી જે માની ત્રિવિધ શક્તિને નમાવી શકે. માનું પલ્લું હંમેશાં ભારે રહે છે.

અમારાં મમ્મી મીનાક્ષીબેન બોડાવાળા હંમેશાં માર્ગદર્શક, પથદર્શક રહ્યાં છે.

માતાનું ધાવણ (દૂધ) અમૃત સમાન છે. જેના સેવનથી મુજ હૈયામાં પવિત્ર ઝરણું વહ્યા કરે છે. માએ ઉદરમાં નવ માસ રાખી પોષણ આપ્યું. સ્વસ્થ, તંદુરસ્ત રાખી જતન કરી આ ધરતી પર જન્મ આપ્યો. ઉચ્ચ શિક્ષણ, સંસ્કારના પાઠો ભણાવ્યા. સાથે ભાઈબહેન, પૌત્ર-પૌત્રી, દોહિત્રને નિષ્ફળતામાં સફળતાની ચાવી છુપાઈ છે તે શીખવ્યું. એ માટે નિરંતર પુરુષાર્થ કરવો, સફળતા જરૂરથી આંગણે આવશે એવો સધિયારો આપતા. મારાં મમ્મી મીનાક્ષીબેને નિઃસ્વાર્થ ભાવે સેવા કરી ઘણી બહેનોને પગભર કરી. સન્માનપૂર્વક જીવી શકે એવા આત્મનિર્ભર બનાવ્યાં છે. મમ્મી મીનાક્ષીબેનની કુખે જન્મ લીધો તેનું અમને ગૌરવ છે. દયાળુ, પ્રેમાળ, નીડર એવાં મમ્મી મીનાક્ષીબેનને નત્ મસ્તકે વંદન કરીએ છીએ.

**- હેમાલીબેન જીનવાળા, - તેજસ બોડાવાળા**
**- પરિતોષ બોડાવાળા**

# ટ્રાવેલ ફોટા યાદગાર બનાવો...



વેકેશન ચાલી રહ્યું છે. તમે પણ ફેમિલી સાથે પ્રવાસ કરવાના હશો અને એને કાયમી સંભારણાં તરીકે રાખવા માટે તમે જુદી જુદી જગ્યાએ, જુદા જુદા પોઝમાં ફોટા પણ લેશો. તમારી સફરને યાદ રાખવા અને અનુભવોને અન્યો સાથે શેર કરવા માટે ટ્રાવેલ ફોટા એ એક સારી રીત છે. તમે સુંદર પહાડો પર, ઐતિહાસિક શહેરો કે શાંતિપૂર્ણ બીચ પર જતાં હો, હાઈ કવોલિટીવાળી તસવીરો લેવી તમારી યાદોને વધુ સ્પેશ્યલ બનાવી શકે છે. અલબત્ત, સારા ફોટા પાડવા એ માત્ર તસવીરો કિલક કરવા કરતાં કંઈક વિશેષ છે. એ યોગ્ય ક્ષણો, પ્રોપર લાઈટિંગ અને રચનાત્મકતા વિશે પણ છે. આવો જોઈએ ફોટા લેવાની કેટલીક ટિપ્સ...

### નેચરલ લાઇટ

ફોટોગ્રાફીમાં લાઈટિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. ટ્રાવેલ ફોટોઝ લેવાનો સૌથી સારો સમય છે 'ગોલ્ડન અવર' દરમ્યાનનો જે વહેલી સવાર અથવા સનસેટ પહેલાંનો છે. આ સમય દરમ્યાનની સોફ્ટ, વોર્મ લાઈટ કલર્સ નિખારે છે અને સુંદર ઈફેકટ આપે છે. બપોરનો તીવ્ર તડકો ટાળો કારણ કે એનાથી પડછાયો પડી શકે છે અને ડિટેઈલ્સ ધૂંધળી દેખાઈ શકે છે.

### કમ્પોઝિશન પર ફોકસ

ટ્રાવેલ ફોટોગ્રાફીમાં સારું કમ્પોઝિશન ઘણો ફેર પાડી શકે છે. થર્ડઝના નિયમને અનુસરો. કલ્પના કરો કે તમારી ફ્રેમ નવ સરખા ભાગમાં વિભાજીત છે અને સંતુલિત શોટ માટે તમારા સબ્જેકટને આ લાઈન પર મૂકો તમારી તસવીરોમાં ડેપ્થ ઉમેરવા સારા એન્ગલ્સ, લીડીંગ લાઈન્સ કે બારીઓ જેવી નેચરલ ફ્રેમ જુઓ.

### લોકલ સંસ્કૃતિને કેદ કરો

ટ્રાવેલ ફોટો જયારે એ સ્થાનના હાર્દને કેપ્ચર કરે છે ત્યારે વધુ અર્થપૂર્ણ બને છે. સંસ્કૃતિને દર્શાવવા માટે માત્ર લેન્ડમાર્કસના ફોટા લેવાને બદલે તેમાં લોકો, માર્કેટ અને સ્ટ્રીટલાઈટની તસવીરો પણ સામેલ કરો. સ્થાનિકોના અને યુનિક પરંપરાના કેનડીડ ફોટોઝ તમારા ફોટોગ્રાફઝને વધુ દિલચશ્પ બનાવી તમારી સફરની વાતો કરશે.

### કેમેરા સ્ટેડી રાખો

ધૂંધળા (બ્લર) ફોટા યાદગાર પળોની મજા બગાડે છે. જો તમારી પાસે ટ્રાયપોડ ન હોય તો તમારા બંને હાથે કેમેરા કે ફોન પકડો અને હાલો નહિ. એ માટે હાથને શરીરની નજીક રાખો. જો શકય હોય તો ઓછા પ્રકાશમાં શોટ લેતી વખતે કેમેરાને સ્થિર સપાટી પર રાખો.

### પ્રોફેશનલ ટચ માટે ફોટા એડિટ કરો

થોડું એડિટિંગ તમારા ટ્રાવેલ ફોટાને અલગ બનાવી શકે છે. બ્રાઈટનેસ, કોન્ટરાસ્ટ અને કલર્સ એડજસ્ટ કરવા લાઈટરૂમ કે સ્નેપસીડ જેવી મૂળભૂત એડિટિંગ એપ્સનો ઉપયોગ કરી શકાય. વધુ પડતું એડિટિંગ ટાળો. ફોટો કૃત્રિમને બદલે નેચરલ જ લાગે એ ધ્યાન રાખો.